# એલઆઈસી-પોસ્ટની હડતાલથી કરોડોના ટર્નઓવર ખોરવાયા

ગાંધીનગર, તા.૯

ગુજરાત પોસ્ટલ સર્કલના તમામ પોસ્ટલ કર્મચારીઓએ બે દિવસીય સદંતર બંધ પાડી હડતાલને સંપૂર્ણ સફળ બનાવી છે. પોસ્ટલ સંયુકત સંઘર્ષ સમિતિ ગુજરાત સર્કલની સાથે દરેક યુનિયન અને દરેક કર્મચારી જોડાયો હતો.પોસ્ટલ પરિવાર એકજ પરિવાની ભાવના સાથે બે દિવસની હડતાલમાં જોડાઈ કર્મચારીઓએ ઐતિહાસિક એકતા બતાવી છે. સતત બે દિવસ પોસ્ટ બંધ રહેવાથી નાગરીકોને પણ ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો છે. પોસ્ટલ કર્મચારીઓ પોતાના પડતર પ્રશ્નો અંગે યોગ્ય નિકાલ આવે તેની રાહ જોઈને બેઠા છે. ત્યારે સતત બે દિવસથી એલઆઈસી અને પોસ્ટ સહિતની બેંકો પણ બંધ રહેતા કરોડો રૂપીયાના ટ્રાન્ઝેકશન અટકી પડ્યા છે.

સરકારની નિતી રીતીના વિરોધને પગલે કર્મચારીઓ હડતાલનું શસ્ત્ર ઉગામતા તંત્ર પણ ચિંતિત થઈ ગયું છે. બેંક,એલઆઈસી સહિત પોસ્ટના કર્મચારીઓ બે દિવસની હડતાલમાં જોડાયા છે. જેને પગલે ગાંધીનગર શહેર જિલ્લામાં કરોડો રૂપીયાના વ્યવહાર અટકી પડ્યા છે. ત્યારે પોસ્ટલ કર્મચારીઓની માંગણીઓમાં નવી પેન્શન સ્કીમ બંધ કરી જુની પેન્શન સ્કીમ આપો, છેલ્લા પગારના મિનીમમ ૫૦ ટકા પેન્શન આપો તેમજ ફેમીલી પેન્શન આપો, જીડીએસ માટે કમલેશ ચંદ્ર કમિટીની ભલામણનો અમલ કરો. પોસ્ટની વિવિધ વિભાગની કેડર તાત્કાલીક અસરથી ભરતી કરો, કેશલેશ સીજીએચએસનો લાભ આપો, મેડીકલ ટીએ બીલમાટે પુરતુ ફંડ આપો, લક્ષ્યાંક આપી કરાતું શોષણ બંધ કરો, પોસ્ટલ અને આરએમએસમાં પાંચ દિવસનું અઠવાડીયું જાહેર કરો, સીએસઆઈ તેમજ આરઆઈસીટીના અમલમાં ઉભી થતી સમસ્યાઓ દુર કરો, વેરીગુડનો બેન્ચ માર્ક દુર કરો, કર્મચારીઓને સ્પેશીયલ એલાઉન્સ અને આઉટ સ્ટેશન એલાઉન્સ આપો, તમામ સ્ટાફને ગ્રુપ બી ની ખાતાકીય પરિક્ષા માટે બેસવાની તક આપો, આઉટસોર્શિંગ પ્રથા નાબુદ કરો, જીડીએસ મેમ્બરશીપ તેમજ રેગ્યુલર મેમ્બરશીપના ૨૦૧૫ના વેરીફિકેશનનું પરિણામ જાહેર કરો, સીવીલ વીન્ગને ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટના ભાગ તરીકે ચાલુ રાખો, તમામ ઓફિસોને પોસ્ટ હબ તેમજ પાર્સલ હબ તરીકે ગણો, શૌક્ષણિક લાયકાત વધુ છે તેવા કર્મચારીઓને હાયસ સ્કેલ વધારો સહિતના પડતર પ્રશ્નો છેલ્લા ઘણા વર્ષોથી પેન્ડીંગ છે. પોસ્ટની હડતાલને સફળ બનાવવા માટે અધિકારી-કર્મચારીઓમાં એન.બી.ગોલ, એસ.ડી.કિશ્ચિયન, કે.બી.જાદવ, આર.એસ.સોલંકી જિલ્લાના જેસીએના અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી છે.



**છત્તીસગઢના યુવાનો રાજ્યપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે**

ભારત સરકારના યુવા બાબત અને રમત-ગમત મંત્રાલયના આંતરરાજ્ય યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ હેઠળ 'એક ભારત શ્રેષ્ઠ ભારત-૨૦૧૮/૧૯' અભિયાન અંતર્ગત ગુજરાતના પ્રવાસે આવેલ છત્તીસગઢના યુવાનોના સમુહે ગઈકાલે ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલીની સૌજન્ય મુલાકાત લીધી હતી. નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથારે રાજ્યના પ્રવાસે આવેલા છત્તીસગઢના યુવાનોના પ્રવાસનો હેતુ સમજાવ્યો હતો. રાજ્યપાલશ્રીએ યુવાનો સાથે રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો અને ગુજરાતની પ્રગતિની રૂપરેખા આપી હતી.

## શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૯

શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા આગામી ફેબુઆરી માસના પ્રથમ સપ્તાહમાં સંભવિત વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ યોજાય તેમ લાગી રહ્યું છે.જેમાં વર્ષ ૨૦૧૮ ના ગાળામાં મેળવેલ શૈક્ષણિક ક્ષેત્રે તેમજ રમત-ગમત અને અન્ય વિશિષ્ટ સિધ્ધી મેળવનાર સમાજની યુવા પ્રતિભાઓ અને નવી નિમણુંક, બઢતી કે નિવૃત્તિ મેળવનાર મહાનુભાવોને સન્માનિત કરવામાં આવશે. તમામ પ્રતિભાઓએ આધાર પુરાવા સાથેની વિગતો તેમજ સાંસ્કૃતિક કૃતિની વિગતો તા.૨૦ જાન્યુઆરી સુધીમાં વોર્ડના કારોબારી સભ્યોને રૂબરૂ પહોંચાડવા માટે સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે.

## પક્ષી બચાવો અભિયાનમાં જોડાવા આમંત્રણ

ગાંધીનગર, તા. ૯

ઉત્તરાયણ નિમિત્તે ગાંધીનગરમાં વન વિભાગ, ગીર ફાઉન્ડેશન તથા વનશ્રી ટ્રસ્ટ દ્વારા છેલ્લાં કેટલાંક વર્ષોથી પક્ષી બચાવો અભિયાન ચલાવાય છે. આ કાર્યમાં ૧૦૦થી વધુ સ્વયંસેવકો જોડાઈને સેવા આપે છે. જેમાં આ વર્ષે ૨૦થી વધારે મોટરસાયકલ તથા ૧૦થી વધુ ગાડીઓનો ઉપયોગ કરવામાં આવશે. વનશ્રી ટ્રસ્ટ દ્વારા દરેક સેક્ટરે સ્વયંસેવક મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે જેથી પક્ષીના ઈજાગ્રસ્ત થવાની માહિતી મળતા જ તેને તુરંત રેસ્ક્યુ કરી કેમ્પમાં પહોંચાડી શકાય.

પક્ષી બચાવો અભિયાનમાં ફાયરબ્રિગેડ તથા મનપા સહિત અન્ય વિભાગો પણ જોડાશે. જે કોઈ સંસ્થા કે સ્વયંસેવક આ અભિયાનમાં જોડાવા ઈચ્છતા હોય તેમણે તા. ૧૦મી જાન્યુઆરી ગુરૂવારે સાંજે ૭ કલાકે વનશ્રી ટ્રસ્ટની ઓફિસ સેક્ટર-૪-બીમાં પ્લોટ નં. ૫૩ ખાતે ઉપસ્થિત રહેવા વનશ્રી ટ્રસ્ટના ગ્રીન એમ્બેસેડર અંજના નિમાવતે જણાવ્યું છે. પક્ષી બચાવ અભિયાન માટે હેલ્પલાઈન નંબર જેવા કે કરૂણા એનીમલ હેલ્પલાઈન ૧૯૬૨, વન વિભાગ ફોન નં. ૨૩૨-૩૯૮૭૨, વનશ્રી ટ્રસ્ટના અંજના નિમાવતના મો. નં. ૯૯૯૮૮૧૦૭૧૯ પર સંપર્ક સાધવા જણાવ્યું છે.



**સિવિલમાં ફાયર સેફટીની તાલિમ યોજાઈ**

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં ફાયર ઓફિસર અને ફાયર મેનની ભરતી કરવામાં આવી છે.ત્યારે આજરોજ સવારે સિવિલનો વહીવટી સ્ટાફના કર્મચારીઓ, નર્સીંગ સ્ટાફ, એસ.આઈ. સિક્યુરીટી જવાનો, રાજદીપના સુપરવાઈઝર તેમજ કર્મચારીઓને આગ પર કેવી રીતે કાબુ મેળવી શકાય તેનું માર્ગદર્શન આપ્યું હતું. તેમજ આગ ચાર પ્રકારની હોય છે અને કંઈ આગમાં કયા પ્રકારની ચીજવસ્તુનો ઉપયોગ કરવો તેની સમજણ આપી હતી.

## આજે સે-૫ સી ખાતે શ્રીમદ ભાગવત કથામાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના સેકટર-૫ સી ખાતે ધર્નુમાસ નિમિતે ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રીમદ ભાગવત કથામાં તા.૧૦ ને ગુરુવારના રોજ કૃષ્ણોજન્મોત્સવની ઉજવણી કરવાની હોવાથી સર્વે ભકતોને હાજર રહેવા અનુરોધ કરાયો છે. જયારે સે-૫ ખાતે આયોજીત શ્રીમદ ભાગવત કથામાં બપોરે ૨.૩૦ કલાકથી ૫.૦૦ કલાક દરમિયાન ગણેશ મહોત્સવ મેદાન ખાતે ભારતી બાપુની વ્યાસ પીઠે યોજાશે.

## સુંદર ધામ હનુમાનજી મંદિર ખાતે પાંચમો પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૯

સુંદરધામ શ્રી કષ્ટભંજન હનુમાનજી મંદિર રાંધેજા ગામે રેલ્વે ફાટક પાસે શ્રી ભારતીબાપુના મંદિરે ત્રિ-દિવસીય તા.૧૫-૧૬-૧૭ જાન્યુઆરીના રોજ પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બપોરે ૨.૩૦ થી ૫ કલાક દરમિયાન આંનદનો ગરબો, સુંદરકાંડના પાઠ, ભજન, સત્સંગ અને દરરોજ આવનાર દરેક ભકતો માટે ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા સુંદરધામ પરિવાર દ્વારા કરવામાં આવેલ છે. આ ત્રણ દિવસ દરમિયાન સાધુ, સંતોના આશિર્વાદ ભજન અને ભોજન નો પ્રસાદ લેવા સૌ નગરજનોને ભજન મંડળોને આનંદના ગરબા મંડળોને પધારવા સુંદરધામ પરિવાર દ્વારા જણાવાયું છે.

## મુક્તિધામ ખાતે ઘાયલ પક્ષીઓને સારવારની સુવિધા

ગાંધીનગરના મુક્તિધામ સ્મશાનગૃહ ખાતે મનપાના સહયોગથી ઘાયલ અને બિમાર પક્ષીઓને પ્રાથમિક સારવાર તથા આશ્રય માટેની વ્યવસ્થા સ્વરૂપે પક્ષીઘર કાર્યરત છે. સમગ્ર વર્ષ દરમ્યાન તેમાં રેસ્ક્યુ કરવામાં આવેલા પક્ષીઓને ખોરાક તથા દવાની વ્યવસ્થા સાથે રાખવાના પાંજરાની સુવિધા છે જેમાંથી સાજા થયેલા પક્ષીઓને મુક્ત કરવામાં આવે છે. ઉત્તરાયણના તહેવાર દરમ્યાન પક્ષીઓના ઘાયલ થવાની ઘટનાઓ મોટી સંખ્યામાં સર્જાય છે ત્યારે મુક્તિધામ ખાતેના પક્ષીઘર ખાતે આ પક્ષીઓને સોંપવા સંચાલકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. જ્યાં પક્ષીઓને જરૂરી સારવાર-સેવા આપવામાં આવશે. આ સાથે મુક્તિધામના મોબાઈલ નંબરો ૯૦૯૯૦-૧૦૫૮૫ અને ૯૪૨૪૦-૨૯૯૦૨ પર સંપર્ક સાધવા જણાવ્યું છે.

# સિવિલ તંત્ર દ્વારા યુરીન બેગ રીપ્લેસ માટે મોકલવામાં આવી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સિવિલના સુપ્રિટેન્ડેન્ટ ડો. નિયતીબેન લાખાણી આંતરે દિવસે સિવિલ કેમ્પસનો રાઉન્ડ મારે છે. જેને પગલે સિવિલની સમસ્યાઓ સામે આવે છે અને જે તે લાગતા વળગતા તંત્રને લેખિત જાણ પણ કરે છે. ત્યારે તાજેતરમાં રાઉન્ડ દરમિયાન એક વોર્ડમાં દર્દીને આરોગ્યલક્ષી સેવા અંગે તબિબિ અધિક્ષક પુછી રહ્યા હતા ત્યારે અચાનક તેમના પગ પર યુરીનનું ટીંપુ પડ્યું હતું. ત્યારબાદ યુરીન બેગની ચકાસણી કરતા બેગ લીકેજ હોવાનું બહાર આવ્યું હતું. લીકેજ બેગને પગલે નર્સિંગ સ્ટાફને જણાવતા તેઓએ છેલ્લા એક સપ્તાહમાં બે થી ત્રણ બનાવ બન્યા હોવાનું સામે આવ્યું હતું. ત્યારે અરીહંત સર્જી ફાર્મા એજન્સી પાસેથી સિવિલ તંત્રએ મંગાવેલી બેગ પરત કરી હતી અને તાત્કાલીક ધોરણે બદલી આપવા માટે આદેશ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ રાજયની સરકારી અને જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં જીએમસીએલ દ્વારા તમામ દવાઓનો જથ્થો પુરુ પાડવામાં આવે છે. પરંતુ સિવિલમાં યુરીન બેગ આપવામાં આવતી ન હોવાથી તંત્ર દ્વારા ખાનગી એજન્સી પાસેથી યુરીન બેગ ખરીદવામાં આવે છે. આ એજન્સી પાસેથી સિવિલ તંત્રએ ગત ઓકટોબર માસમાં જરુરીયાત ઉભી થતા બે હજાર યુરીન બેગ ખરીદી હતી. યુરીન બેગ ખાસ સર્જીકલ અને આઈસીયુના દર્દીઓને માટે જરુરી બની રહે છે. તાજેતરમાં સિવિલ સત્તાધિશ હોસ્પિટલના રાઉન્ડમાં નીકળ્યા હતા.ત્યારે એક દર્દી સાથે વાતચીત દરમિયાન દર્દીને લગાવેલી યુરીન બેગમાંથી તેમના પગ પર એક ટીંપુ પડતા બેગ લીકેજ હોવાનું ધ્યાને આવ્યું હતું.

આ બાબતની ગંભીર નોંધ લઈ તબિબિ અધિક્ષકે તાત્કાલીક અસરથી ઈન્ચાર્જ નર્સની બેઠક બોલાવી હતી. જેમાં બે ત્રણ બેગ લીકેજ આવી હોવાનું જાણવા મળ્યું હતું. બેગ લીકેજ હોવાછતા વહીવટી તંત્રનું ધ્યાન દોરવામાં ન આવતા સિવિલ સત્તાધિસે નર્સિંગ સ્ટાફે તતડાવી નાંખ્યો હતો.બેગ લીકેજ મામલે અરીહંત ફાર્માને નોટીસ ફટકારી હતી અને તેમજ જે તે સમયે સ્ટોકમાં રહેલી યુરીન બેગને રીપ્લેસ કરવા માટે એજન્સીને આદેશ કર્યો હતો.

# સિવિલ કેમ્પસમાંથી વધુ એક બાઈકની ઉઠાંતરી

## સે-૨માંથી ઘર આગળ પાર્ક કરેલું મોંઘાદાટ બાઈકની ચોરી

ગાંધીનગર,તા.૯

ગાંધીનગર સિવિલ કેમ્પસ ટુ-વ્હીલરની ઉઠાંતરી માટેનું જાણીતુ સ્થાન બની ગયું છે. ત્યારે સિવિલ કેમ્પસમાંથી આંતરે દિવસે વાહન ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. ત્યારે નર્સિંગ કોલેજના ગેટ પાસેથી બાઈકની ચોરી થવા પામી છે. ત્યારે સીવીલના સીસીટીવી કેમેરા છતા ચોર ઈસમો બિન્દાસ્ત પોતાની ઘટનાને અંજામ આપી રહ્યા છે. ત્યારે સેકટર-૭ પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ સેકટર-૨૬ કિસાન નગરમાં રહેતા અને મુળ સાબરકાંઠાના હર્ષદીપસિંહ જયેન્દ્રસિંહ જેતાવતે તા.૨ જાન્યુઆરીના રોજ તેનો મિત્ર આલાપ તેનું સ્પેલન્ડર બાઈક લઈને નીકળ્યો હતો. આલાપ સવારે સાડાઆઠ વાગ્યે નર્સિંગ કોલેજના ગેટ પાસે મુકીને કોલેજમાં ગયો હતો. બપોરે અઢી વાગ્યે લેકચર પુરુ થતા આલાપ બહાર આવ્યો હતો.ત્યારે બાઈક ગાયબ ગુમ થયુ હતું. ફરિયાદી હર્ષદિપસિંહને લોકરક્ષકની પરિક્ષાની તૈયારી ચાલતી હોવાથી તેણે તે સમયે ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. પરિક્ષા પૂર્ણ થયા બાદ તેણે પોતાના બાઈક નંબર જીજે.૦.૯.સી.કે. ૧૧૧૧ની ચોરી અંગે મંગળવારે ફરિયાદ નોંધાવી હતી. જયારે બીજી બાઈક સે-૨ બીમાંથી પ્લોટ નં-૩૧૯-૧ ખાતે રહેતા દિનેશભાઈ કાળાભાઈ દેસાઈ હિંમતનગર ખાતે તલાટી તરીકે ફરજ બજાવે છે. ત્યારે તેમના ઘર પાસેથી રાત્રીના સમયે જીજે૧૮ સીક્યુ-૯૮૯૯ ડ્રીમ યુગા બાઈક તા.૧ જાન્યુઆરીના રોજ ચોરી થઈ છે. ત્યારે સિવિલ કેમ્પસમાં વાહનચોરીના બનાવો વધી રહ્યા છે ત્યારે પોલીસ વાઈબ્રન્ટ બંદોબસ્તમાં વ્યસ્ત છે તો ચોર ઈસમો બાઈક ચોરીમાં મસ્ત બન્યા છે. ત્યારે વાહનચોરીને પગલે રાત્રીના સમયે પોલીસ પેટ્રોલીંગ વધુ સઘન બનાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# રાજ્યકક્ષાની અન્ડર-૧૪ તરણ સ્પર્ધામાં ગાંધીનગરના ખેલાડીઓ ઝળકયાં

ગાંધીનગર જિલ્લાના ઉત્તરના તરણવીર ખેલાડીઓએ તાજેતરમાં ફલાય સ્ટ્રોક સ્પર્ધામાં ગોલ્ડમેડલ હાંસલ કર્યો છે. આ સાથે તેમણે ૨૦૦ સ્કૂલ ગેમ્સની તરણ સ્પર્ધામાં પણ યશલ્વી દેખાવ કર્યો છે. કોચ ભગવાન







વડોદરાના સમા સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે યોજાયેલ રાજ્યકક્ષાના સ્કૂલ ગેમ્સ તથા ખેલમહાકુંભ તરણ સ્પર્ધામાં અન્ડર-૧૪ કેટેગરીમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી ૨ ગોલ્ડ અને ૩ સિલ્વર સહિત કુલ ૭ મેડલ્સ જીત્યા છે. રાજ્યકક્ષાની સ્કૂલ ગેમ્સ તથા ખેલ મહાકુંભમાં બોયઝ વિભાગમાં અન્ડર-૧૪ કેટેગરીના શ્રેષ્ઠ જહાએ ૧૦૦ મીટર બટર મીટરમાં સિલ્વર મેડલ તથા ૫૦ મીટરમાં બ્રોન્ઝ મેડલ જીત્યા છે તથા મહર્ષ પટેલે ફ્રી સ્ટાઈલ ૧૦૦ મીટરમાં સિલ્વર જીત્યો છે. ગર્લ્સ વિભાગમાં બેસ્ટ સ્ટ્રોકમાં મહેક પટેલે ૫૦ મીટરમાં અને ૨૦૦ મીટરમાં ગોલ્ડમેડલ તથા ૧૦૦ મીટરમાં સિલ્વર મેડલ હાંસલ કર્યા છે. આ ત્રણેય તરણવીરોએ દિલ્હી ખાતે યોજાયેલ ૬૪મી નેશનલ યાદવ તથા ચિરાગ ચેબા સહિત અગ્રણીઓ તથા ખેલપ્રેમીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



**મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ઈસનપુર મોટા ખાતે શ્વાનને લાડુનું મિષ્ઠાન**

મકરસંક્રાંતિ એટલે દાન પુણ્યનું પર્વ કડકડતી ઠંડીમાં અબોલ શ્વાનોને ખોરાક સાથે ઠંડીથી રક્ષણ મળી રહે અને ઉત્તરાયણ પ્રસંગે દાન-પુણ્ય કમાવવાનો હેતુ પાર પડે તે માટે શ્વાસોને ચોખ્ખા ઘી ના લાડુનું મિષ્ઠાન કરી ખવડાવવાનો રિવાજ પ્રમાણે પુણ્ય કાર્યથી સંતોષ અને ખુશીનો લ્હાવો માણવા પાવન પર્વ નિમિત્તે તાલુકાના ઈસનપુર મોટા ગામે શ્રી ગોપાલ મંડળ દ્વારા શ્વાન માટે લાડુ બનાવવાનો શ્રમ યજ્ઞ કરવામાં આવ્યો હતો. તદ્ ઉપરાંત અબોલ ગાયોને સૂકા પૂળા નાખીને પુણ્યનું ભાથું બાંધી ધન્યતા અનુભવી રહ્યા છે.

# પેથાપુરમાં મસ્જિદે શકીનાના ઉદ્ઘાટન માટે જશ્ને ઈફતેતાહનું આયોજન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના પેથાપુર ખાતે નવનિર્મિત મસ્જિદે શકીનાના ઉદ્ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા. ૧૫મી જાન્યુઆરી મંગળવારે સાંજે ૯ કલાકે નમાજે ઈશાબાદ તુરંત તકરીર યોજાશે. આ અગાઉ સાંજે ૭ કલાકે ભોજન-દાવતનું આયોજન કરવામાં આવ્યું છે.

પેથાપુરના સંજરીપાર્ક ખાતે નવનિર્મિત મસ્જિદે શકીનાના ઉદ્ઘાટન સમારોહ ''જશ્ને ઈફતેતાહ''માં ઝેરે ખીતાબત યુપીના કિછૌછા શરીફના અશરફીયુલ હઝરત સૈયદ હાશમી મીયાં અશરફી પેશ કરશે. આ ઉપરાંત ઝેરે સરપરસ્ત ખંભાતના કછૌછવી મીરાંની અશરફીયુલ જીબા હઝરત સૈયદ રઈસ અશરફ, ઝેરે નિઝામત કારંટા શરીફના અશરફી સૈયદ કમરકતુબી કારંટવી પેશ કરશે. કાર્યક્રમમાં ઝીન્નતે સ્ટેજ કીછોછા શરીફના સૈયદ સુબ્હાનીમીયાં તેમજ ઝેરે ઈનાયત સરખેજના પીરેતરકત સૈયદ ગ્યાસુદ્દિન બાવા પેશ કરશે.

આ પ્રસંગે અજમેર શરીફના ખાદીમ સૈયદ એહસાનઅલી બાવા, ખલીફ-એ-શૈખુલ અલ્લમા સૈયદ ઝાકીરબાપુ નીમાવાલે, સે. ૨૧ના ખતીબો ઈમામ મૌલાના દાઉદ કૌસર અશરફી, પેથાપુરની જુમ્મા મસ્જિદના ખતીબો ઈમામ મૌલાના નઝસુલ હકનુરી સાહબ, નાયબ ઈમામ મૌલાના અબ્દુલ અજીજ, સંતરામપુરના ખાદીમ હઝરત શાહ ઈનાયત બાવા રિફાઈ તથા સે. ૨૯ના ખતીબો ઈમામ મૌલાના અબ્દુલ મજીદ અશરફી સહિત અનેક આદાને કરીમ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે નમાઝે મગરીબ ગાઝીએ મીલ્લત પઢાએંગે. સમગ્ર કાર્યક્રમનું આયોજન પેથાપુર સુન્ની મુસ્લિમ સમાજ અને બયતુલમાલના પ્રમુખ યુનુસભાઈ યુસુફભાઈ પરમાર પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.

**ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર**
વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, ગુજરાત સરકાર
બ્લોક બી એન્ડ ડી, ૬મા માળ, એમ.એસ. બિલ્ડીંગ,
સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧. ફોન નં. ૦૭૯-૨૩૨૫૮૫૦૦

**ટૂંકી મુદતની જાહેરાત**

આથી રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે કે અમારી કચેરીમાં ગ્રેનાઈટ ડોર (દરવાજા) ફ્રેમ અને એલ્યુમીનીયમ ડોરનું કામ કરવા માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવે છે. વધુ માહિતી માટે http://gbrc.gujarat.gov.in ની મુલાકાત લેવા વિનંતી. ટેન્ડર જમા કરવાની છેલ્લી તા. ૧૭/૧/૨૦૧૯ બપોરે ૪.૦૦ વાગ્યા સુધીની છે.

નિયામક
માહિતી/૨૫૭૪/૧૮-૧૯ — જીબીઆરસી

**ટૂંકી મુદતની જાહેર નિવિદા**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર**

આ કચેરી ખાતે યોજાનાર કલાઉત્સવ / રાજ્ય કક્ષાની કાવ્ય લેખન સ્પર્ધાના આયોજન માટે સ્કુલ બેગ (લેપટોપ બેગ ટાઈપ), અંદાજિત નંગ-૨૧૫ની જરૂરિયાત હોઈ રસ ધરાવતી એજન્સીઓએ સદર બેગના નંગ દીઠ ભાવ (તમામ ટેક્ષ સહિત) સીલબંધ કવરમાં તા. ૧૫/૧/૨૦૧૯ સુધીમાં કચેરી ખાતે રૂબરૂ કે આર.પી.એ.ડી.થી મોકલી આપવાના રહેશે.

**નોંધ :** ઈચ્છા ધરાવતી એજન્સીઓ સ્કુલ બેગના નમુના સહિત ભાવ રજૂ કરી શકશે. નમુનાની બેગ કામગીરી પૂર્ણ થયે પરત આપવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર — પ્રિન્સીપાલ
તારીખ : ૯/૧/૧૯ — જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર





**જાખોરા ગામે ખેડૂતવેદના અને યુવા બેરોજગાર મહાસંમેલન યોજાયું**

ગાંધીનગરના પાદરે જાખોરા ગામના વિશાળ ચોકમાં હાર્દિક પટેલની આગેવાની હેઠળ યુવા બેરોજગાર અને ખેડૂતોની વેદના સંદર્ભે મહાસંમેલન યોજાયું હતું. આ સભામાં પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલ ઉપસ્થિત રહેતાં ૨૦થી ૨૨ ગામોના ખેડૂતો યુવાનો, મહિલાઓ, સમાજના આગેવાનો હાજર રહ્યા હતા. આ સંમેલનમાં હાર્દિક પટેલનું ઉમળકાભેર ભવ્ય આતશબાજીથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ખેડૂતોના દેવા માફી, પોષણક્ષમ ભાવો, પાકવિમા, મોંઘા દાટ બિયારણ, જંતુનાશક દવા, બિયારણો, પાટીદારોની અનામત માંગ, પાટીદાર અનામત આંદોલનમાં થયેલા શહીદોને યોગ્ય ન્યાય તથા અન્ય યુવાનો અને ખેડૂતોને સ્પર્શતા હિતો અને સ્થિતિ અંગેની સરકારની ખોટી નીતિરીતિઓ વિશે ઉપસ્થિત જનમેદનીને સંબોધન દ્વારા તમામ માહિતી પુરી પાડી હતી. આ પ્રસંગે પાટીદાર નેતા હાર્દિક પટેલ તથા આજુબાજુ ગામોના ખેડૂતો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતા મહાસંમેલનને જબરજસ્ત આવકાર મળતાં ખેડૂતો અને યુવાનોમાં નવો જોમ પુરૂ પાડ્યું હતું.